Goal : The overall goal of undergraduate medical education is to produce a medical graduate, who as the Physician of first contract, should be able to provide comprehensive health care to rural, urban and tribal communities through effective participation in the delivery of promotive, preventive, curative and rehabilitative health services at an individual, family and at community levlel.

In our population children less than 14 years of age constitute approx. 40%. Their physiological and pathological needs demand special training and orientation of undergraduate medical students to achieve the overall goal.

Thus, the broad goal of teaching of the undergraduate student in paediatrics is to provide him / her with adequate knowledge and appropriate skills for optinally dealing with major health problems of children to ensure their achieevement of fullest potential of growth and development.

At the end of the Undergraduate medical training, the graduate should be able to undertake responsibilities of well being of children in one or more of the following capacities :

1. A family Physician (General Practitioner).
2. A medical officer in Govt. Medical and Health Services and thro' N. G. Os.
3. A post-graduate student preparing to be a specialist / subspecialist even in any other field related to children.

Objectives : Knowledge—At the end of the course, he will have the knowledge of :

1. prenatal and postnatal growth and development including normal pattern and deviations.
2. Normal Nutrition of children and the deviations.
3. Common paediatric problems including infections diseases.
4. to suspect conditons requiring emergency management and offer first level management and make suitable referral.
5. Age related requirements of calories, nutrients, fluids and drugs in health and diseases.
6. Preventive strategies for common infections disorders, malnutrition, accidents, poisonings etc.
7. National Programmes related to mother and child health.
8. Care of the normal newborn, detection and referral of high risk cases and management of common problems.

Skills : At the end of the course, the student will be able to :

(*a*) Take a detailed paediatric history, conduct an appropriate Physical examination of children including neonates, make a clinical diagnosis conduct common bedside investigations, interpret results of common lab. investigations and plan and institute therapy.

2. Perform special paediatric procedures such as aultoopometing measurements prepare oral rehydration solution, perform tuberculin test, adminster vaccines available under current national programme, perform venesection, start an intravenous line, provide N. G. feeding and give oxygen therapy and emergency resuscitation of neonates and children.
3. Distinguish between normal newborn babies and those requiring special care and institute early care to all newborns including pre term and small for dates.
4. Provide ambulatory care to all sick children and identify and ensure timely referral of those who require hospitalisation.

Syllabus in Paediatrics for Third M.B.,B.S. Examination :

1. **Growth and dveelopment :** Definitions, Growth & Development of Newborn infant, toddler child, puberty, adolescence and factors affecting fthem. Assessment of normal growth (anthronometry & Teeth) Normal development of motor mile stone, Gross mental milestone, speech development.
2. **Nutrition and its disorders :** Normal requirement of nutrients, calory, value of common food articles, breast feeding top feeding, Protein energy malnutrition (IAP classification), Vitamine-deficiency specially (Vita A, C & D).
3. **Vaccination :** Normal immunisation. Detail about all vaccines & schedule in a child. Advise reactions. UIP-EPI-cold chain-techniques of vaccination.
4. **Fluid & Electrolytes : Recognising dehydration** in a child and starting ORS (WHO formula) and IV fluids.
5. **Newborn :**

—Recognising full term, pre-term & small for date baby

—Neonatal resuscitation

—Examination of new born & primitive neonatal reflexes

—Primary care of new born

—Apgar score

—Common Neonatal Problems, their etiology & basic management

—Recognising high risk infant

—Vomiting, Cynosis, Pallor, Bleeding, Jaundice, Seizures, Respiratory distress, Septicemia, conjuctivlties, thrush, skin infection, common birth injuries like cephalhematoma, common congenital malformations, common neonatal surgical problems.

—Drugs for Mother : Sago during pregnancy & lactation Harmful during pregnancy & lactation.

6. **Infectio..s diseases—Common Childhood infections : Bacterial : Strept, Staph,** Pneum · Meningococal Acute diarrhoeas Pneumonia and other acute respiratory infections, Bronchitis, Br. Asthama, Stridor F.B. Septic meningitis, Tetanus, Whooping cough, tuberculosis, with tuberculin test, typhoid cholera, shigdlosis, Diptheria.

Viral infections : exanthema like measles, chikenpox, mumps, **Rabis,** poliomyelities & encephalitis Fungal—Candidiasis.

Helminthiasis : Round worm, thread, warm, Hook warm, infestation Arthropod—scabies.

Protozoal infections : Malaria with antimalarial drugs, Amoebiasis Giardiasis.

7. **Digestive System** : Recognition & management of common congenital malformation, like-cleft palate & lip, Oesophageal atresia & TE fistula, Imperforated, anus, undescended Testis, ambilical hernia, Dental Caries, Common causes of vomiting, anoroxia GIT bleeding rectal bleeding, diarrhoea, Infective Hepatitis, cirrhosis of liver, Portal hypertension.

8. **Cardio Vascular System** : Classification of congenital Heart diseases CHD cynatic & acyanotic General knowledge about Fallot's tetrology, VSD, PDA, ASD, Management of CCF, SBE, Pericaditis & HBP, Rheumatic fever Rheumatoid arthititis.

9. **Blood**—Anaemias : Deficiency anaemias, Iron, folic acid & B12 congenital Hemolytic anaemia Talassemia, Sickle cell aneamia, Hemophilia, ITO Lukemias, Acute lymphoblastic leukemia lymphomas.

10. **Urinary system** : Post streptococcal Nephritis, Nephrotic syndrome, Urinary tract infection, Examination of urine, function of kidney hematuria & Proteinurea.

11. **Endocrine** : Hypotheroidism, Diabetes Mellitus.

12. **CNS & neuromuscular diseases** : Febriles convulsion Epilepsy & antiepileptic drugs Breath holding spasms, Totony, Hydrocephalus, Microcephalus, Cerebral palsy, Mental retardation.

13. **Bones & Joints** .

14. **Common poisoning in hildren** : Kerosene poisoning, Dhatura poisoning, Insecticide poisoning, Scorpion sting & snake bite.

15. **General History of Child care in India** : Definition of different age periods in Pediatries Definition of IMR, PMR, USMR, common causes of morbidity & mortality in children and factors affecting them various National Child Health Programmes.

A Co-operative-settled child to be picked up.

Suggested Types of Cases for Sports or Short Case :

(*a*) 1. Polio
2. Meningitis
3. Mental retardation
4. Hepatosplenmegaly
5. Hepatomegaly
6. Splenomegaly
7. Ascites
8. Gen. Oedema / anasarea
9. Down syndrome
10. Tuberculos meningitis
11. Severe anamia
12. Growth retardation / Sport stature
13. Hydrocephalus / Microcephaly
14. Rheumatic heart disease
15. Congental heart disease (VSD Fallot's)
16. Nermal newborn
17. K.uashiorkar
18. Marasums
19. Rickets
20. Jaundice.

(*b*) **Examination of skills :**

1. Anthropomatic measurement of a given child
2. Preparation of ORS
3. Tuberculin test
4. Techniques of vaccination
5. Identifying common instruments like L. P. needle, bone marrow biopsy needle, liver biopsy needle
6. Reading a growth chart.

Annexure II --Teaching of Orthopaeics to under graduate students :

Goal : The main goal of teaching Orthopaedics to under-graduate student it to make him a good basic doctor who can diagnose, treat, rehabilitate and prevent common Locomotor system disabilities.

The modern technologies have transformed the easy life in to a race. In turn it has invited too many insults to the locomotor system. The longevity has also brought about too many of problems of wear and tear changes, The whole spectrum of problems of locomotor system has changed in last three decades. A basic doctor now can not relegate his duties to a quack.

Basic doctor should be able to look after a patient, family or area community and man a primary health centor or a clinic in rural or urban set up. He should accumulate the basic knowledge of orthopaedics so that he can take up a post-graduate course for any speciality where integrated medical knowledge is mandatory.

Objectives—Knowledge (Syllabus) :

At the end of the course, the student will have knowledge of :

*basic understanding of aetiology, pathophysiology, principles of diagnosis(*), management and rehabilitation of common orthopaedic problems (**) including emergencies.

(*Stress will be on clinical diagnosis-the importance of history taking, clinical examination on usual formal, i.e., inspection, palpation, assessment of range of joint motion, measurements of girth and limb length, common important tests to confident the fixed deformities, and instability of ajoint. The student will have to learn the method of differential diagnosis of common orthopaeie problems.

(**1. Congenital : Talipes Equino Varus, Spinabifida and variants.

2. Traumatic : Sprains—Ankle, Muscle pull—Hamstring, Quadriceps, Muscle and Tendon Rupture—Biceps, Tendo Achilles, Ligamentous Rupture—Ankle. Knee Over use injury—Tennis elbow, stenosing, tenosynovitis, ganglion, Dislocation—Shoulder, Elbow (including pull Elbow).

Fracture : Clavicle, Humerus (Neck, Supra condylar), Colles, Neck femur, Shaft of femur Tibia Fibula, Fracture dislocation—Ankle, Hand and foot injuries. Spine injuries (including paraplegia and bladder and bowel dysfunction and skin care). Diagnosis of complications of a fracture (like neuro logical and vascular). Evaluation and primary management of polytrauma. Principles of management of open injuries Radial, ulnar, medjun and lateral Popliteal nerve palsjes.

3. Non traumatic—Infections : acute and chronic osteomyelitis, Septic arthritis Tuberculosis of hip, knee and spine, Madura foot, leprosy Hand and foot infection, gas gangrene. Collagen Diseases—Rheumatoid arthritis and ankylosing spondylitis, plantar fascilitis, Degenerative—Spine and knee, frozen shoulder, Metabolic and nutritional deficiencies—Rickets, osteomalacia, Scurvy, osteoporosis.
3. Tumors : Osteoma, Chondroma, Exostosis, Osteoclastoma, Osteosarcoma, Ewing's tumor, Secondaries.
4. Miscellaneous : Flat foot, mallet finer, Cubitus varus, Ingrowing toenail, ganglion.)

* First aid for road traffic accidents and other man made or natural calamities affecting locomotor system.
* Use of diffirent types of splintage, primary wound care and primary management of injuries and infections of locomotor system.
* Common collagen disorders, congenital malformation and bone tumors.
* of various orthopaedic procedures and the physiotherapy which can be instituted at home of the patient.

Skills : At the end of the course, the student will be able to—

* diagnose common orthopaedic disorders, both acute and chronic.
* plan common laboratory and radiological investigations and interpret the results.
* identify and give primary management for haemorrhgic and shock.
* assess and resuscitate a critically injured patient.
* Primarily manage open injuries and institute preventive measures against tetanus and gas gangrene.
* diagnose and deliver first aid measures for common fractures and sprains and manage uncomplicated sprains of ankle and foot and green stick undisplaced fractures.

The student should have acquired additional common orthopaedic surgical competence through observing / assisting / performing the following procedures :

* Incision and drainage of abscess.
* Debridgement and suturing of superficial and small wounds.
* Institute I. V. Fluids.
* Techniques of sterile dressings, splintage, and bandaging, of injured limb.
* Aseptic Technique of local injection and aspiration of a peripheral joint.

પરિશિષ્ટ "લ"
ક્રમકાજ ક્રમાંક ૧૫(૧૩)

(૧) ગુજરાતી

જૂન, ૧૯૯૨થી અમલી બનનાર ગુજરાતી ભાષાનો અભ્યાસક્રમ
પ્રથમ વર્ષ બી.એ. (૧૯૯૩)ની પરીક્ષા માટે

પેપર ૧ (પદ્ય)

૬. ઓખાહરણ-પ્રેમાનંદ ... ૩૦ ગુણ

૨. કલાપીનાં કાવ્યો—સં. શ્રી. જયંત પાઠક ... ૩૦ ગુણ

૩. પઠિત યા અપઠિત પદ્યખંડમાં, રસદર્શન, છંદ, અલંકાર આદિ અંગો આવરી લેતા વસ્તુલક્ષી પ્રશ્નો દ્વારા સમીક્ષા કરાવવાને બદલે રસદર્શન કરાવવાનું પૂછ્યું. આ પ્રશ્નના ૧૦ ગુણ રહેશે. ... ૧૦ ગુણ

પેપર ૨ (ગદ્ય)

૧. પૃથ્વીવલ્લભ—ક. મા. મુનશી ... ૩૦ ગુણ

૨. સરોજ પાઠકની શ્રેષ્ઠ વાર્તાઓ—સરોજ પાઠક ... ૩૦ ગુણ

છંદ અને અલંકાર

છંદ : કોઈ પણ બે છંદના માપ અને ઉદાહરણ વિકલ્પે કોઈ પણ બે પંક્તિઓના છંદ ઓળખવા વિશેનો પ્રશ્ન પુછાશે. ... ૪ ગુણ

ચોપાઈ, દોહરો, હરિગીત, ઝૂલણા, મનહર, વસંતતિલકા, મંદાક્રાન્તા, શિખરિણી, હરિણી, પૃથ્વી, શાર્દૂલવિક્રીડિત, સ્રગ્ધરા, ઉપજાતિ, માલિની અનુષ્ટુપ.

અલંકારો : કોઈ પણ ત્રણ અલંકારોની સમજૂતી અને ઉદાહરણો વિકલ્પે કોઈ પણ ત્રણ પંક્તિઓમાંના અલંકારો ઓળખીને સમજાવો વિશેનો પ્રશ્ન પુછાશે. ... ૬ ગુણ

ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક, વ્યતિરેક, અતિશયોક્તિ, વ્યાજસ્તુતિ, અપહ્નુતિ, સ્વભાવોક્તિ, યમક, શ્લેષ, વર્ણાનુપ્રાસ, વિરોધાભાસ, અનન્વય, અર્થાન્તરન્યાસ, દૃષ્ટાંત.

પ્રથમ વર્ષ બી.એ. (ગુજરાતી) બીજા ગૌણ વિષય તરીકે
પ્રશ્નપત્ર ૬ (૧૯૯૩)ની પરીક્ષા માટે પાઠ્યપુસ્તક

"સ્નેહરશ્મિની શ્રેષ્ઠ વાર્તાઓ"— ... ૭૦ ગુણ

(નોંધ.—સ્વરૂપગત પ્રશ્નો તથા પૂર્વાપર સંબંધના પ્રશ્નો પૂછવા નહીં).

દ્વિતીય વર્ષ બી.એ. (ગુજરાતી) ૧૯૯૩ની પરીક્ષા માટે

પેપર ૩ : ખંડકાવ્યનું સાહિત્યસ્વરૂપ

'શ્રેષ્ઠ ગુજરાતી ખંડકાવ્યો'--સં. ચીનુ મોદી. સતીષ વ્યાસ

મુદ્દાઓ :

૧. સાહિત્યકલામાં સ્વરૂપ (ફૉર્મ)ની વિભાવના

૨. જે તે સાહિત્યસ્વરૂપનાં મુખ્ય લક્ષણો

૩. તેનાં વ્યાવર્તક લક્ષણો

૪. ગુજરાતી સાહિત્યમાં એનો ઉદ્‌ભવ અને વિકાસ

૫. મુખ્ય કૃતિઓ અને સર્જકો

૬. આધુનિક સ્થિતિ.

સૂચના. — ૧. આ કૃતિમાંથી પૂર્વાપર સંબંધના પ્રશ્નો પુછાશે નહીં.
૨. આ કૃતિને સ્વરૂપની દૃષ્ટિએ ઘનિષ્ટ અભ્યાસ અપેક્ષિત છે.

પેપર ૪ : ગ્રંથકારનો અભ્યાસ : નીચેનાં નિયત પુસ્તકોને અનુલક્ષીને

ગ્રંથકાર : ધૂમકેતુ

૧. તણખા મંડળ—૧ (વાર્તા સંગ્રહ) : ધૂમકેતુ

૨. ચૌલાદેવી (નવલકથા) : ધૂમકેતુ

મુદ્દાઓ :

૧. લેખકની જન્મસમયની સાંસ્કૃતિક પરિસ્થિતિ, લેખકના વ્યક્તિત્વનું ઘડતર

૨. લેખકનું સાહિત્યસર્જન (મુખ્ય કૃતિઓ)

૩. લેખક તરીકેની વિશેષતાઓ, લેખકના સાહિત્યિક કાર્યનો પ્રભાવ, ઐતિહાસિક અને તાત્વિક દૃષ્ટિએ એમના સાહિત્યિક પ્રદાનનું મૂલ્યાંકન.

સૂચના. — આ પ્રશ્નપત્રમાં ગ્રંથકારનો જ અભ્યાસ કરવાનો હોવાથી આ માટે નિયત પુસ્તકોમાંથી પૂર્વાપર સંબંધના પ્રશ્નો પુછાશે નહીં.

પ્રશ્નપત્ર ૫ : ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ :

મધ્યકાલીન યુગ : 'હેમચંદ્રાચાર્યથી દયારામ'

અર્વાચીન યુગ : સુધારક યુગ (નર્મદ યુગ)

સાંસ્કૃતિક સંદર્ભમાં મધ્યકાલીન સાહિત્યનું પ્રવાહદર્શન

ખંડ—૧ : (૧) ભક્તિપ્રવાહ (૨) આખ્યાનપ્રવાહ (૩) જ્ઞાન માર્ગી કવિતાપ્રવાહ, (૪) શૈવ અને શાક્તપ્રવાહ (૫) સ્વામિનારાયણ સંપ્રદાયનું સાહિત્ય (૬) મધ્યકાલીન ગદ્ય-સર્જન-પ્રવાહ (૭) લોકસાહિત્ય પ્રવાહ (૮) મધ્યકાલીન સાહિત્યની લાક્ષણિકતાઓ.

ખંડ—૨ : મુખ્ય મુખ્ય સર્જકો :

નરસિંહ, મીરાં, ભાલણ, પ્રેમાનંદ, અખો, શામળ અને દયારામ

ખંડ—૩ : સુધારકયુગ (નર્મદયુગ)

૧. મધ્યકાલીન અને અર્વાચીન સાહિત્યનાં ભેદક લક્ષણો

૨. અર્વાચીન સાહિત્યનાં પ્રેરકબળો અને સુધારકયુગની સાંસ્કૃતિક, સામાજિક અને રાજકીય પરિસ્થિતિ

૩. મુખ્ય સર્જકો : નર્મદ, દલપત, નંદશંકર, નવલરામ અને રણછોડરામ ત્રિપાઠીરામની સાહિત્યસેવા.

નોંધ. - સાંસ્કૃતિક પ્રશ્નોદ્ભૂને લગતો બલાયદો પ્રશ્ન પૂછવો ફરજિયાત નથી.

દ્વિતીય વર્ષ બી.એ.(ગુજરાતી) બીજા ગૌણ વિષય તરીકે પ્રશ્નપત્ર ૭(૧૯૯૩)ની પરીક્ષા માટે

૧. પેરેલિસિસ—ચંદ્રકાંત બક્ષી ... ૬૦ ગુણ

નોંધ.- સ્વરૂપલક્ષી અને પૂર્વાપર સંબંધના પ્રશ્નો અપેક્ષિત નથી.

તૃતીય વર્ષ બી.એ. ૧૯૯૩ની પરીક્ષા માટે

પ્રશ્નપત્ર ૬ :

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ

(૬) આવશ્યક માર્ગદર્શક નોંધ :

ગુજરાતી સાહિત્યના અર્વાચીન ઇતિહાસ અને વિકાસની દૃષ્ટિએ મહત્ત્વના એવા તમામ રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક મુદ્દાઓને આવરી લેવાય તે અપેક્ષિત છે. સાથે સાથે વિવિધ સાહિત્યિક પ્રવૃત્તિઓ અને વૈચારિક સંઘાલનો, વિવિધ સાહિત્યિક લક્ષણો, વિવિધ સ્વરૂપોની વિકાસરેખા, તે તે સ્વરૂપોમાંથી નોંધપાત્ર સિદ્ધિઓ આદિનો સમાવેશ કરી લેવામાં આવે તે આવશ્યક છે.

નીચે જણાવેલી સાહિત્યકૃતિઓ વિશેષ અભ્યાસ માટે સૂચિત હોઈ તેમનો પાઠ્યપુસ્તક તરીકેનો અભ્યાસ અપેક્ષિત નથી, પરંતુ તેમનો વ્યાપક પરિચય જ અપેક્ષિત છે. ઉપરાંત વિશેષ અભ્યાસ માટે સૂચિત સાહિત્યકારો અને સાહિત્યકૃતિઓમાંથી જે તે લેખક અથવા કૃતિવિષયક સ્વતંત્ર પ્રશ્નો અભ્યાસ માટે પસંદ થાય તે જરૂરી છે. પરંતુ તે સાથે આ યાદીમાં ન હોય તેવા નોંધપાત્ર સાહિત્યકારો અને તેવા કૃતિઓનો પરિચય પણ સાહિત્ય સ્વરૂપો-પ્રવાહના અધ્યયન માટે સાંકળી લેવો ઘટે.

(ખ) અભ્યાસક્રમના મુદ્દાઓ :

૧. અર્વાચીન ગુજરાતી સાહિત્યના વિવિધ યુગોનો અભ્યાસ :

(અ) પંડિત યુગ (ગોવર્ધન યુગ)

(બ) ગાંધી યુગ

(ક) સ્વાતંત્ર્યોતર યુગ (અનુગાંધી યુગ)

પ્રત્યેક યુગના પૂર્વાપર યુગોથી વ્યાવર્તક લક્ષણો, યુગવિધાયક પરિબળો, તે યુગમાં સાહિત્યક્ષેત્રે નવા પ્રસ્થાનો, પ્રદાનો નોંધપાત્ર સાહિત્ય પ્રવૃત્તિઓ, સિદ્ધિઓ તથા મર્યાદાઓ, યુગના મુખ્ય સાહિત્યકારો અને નોંધપાત્ર કૃતિઓ વગેરે મુદ્દાઓને અનુલક્ષીને ત્રણેય યુગોનો અભ્યાસ સાંપ્રત સાહિત્યને અનુલક્ષીને સાહિત્યિક વિભાવનાઓ, આકાર અભિવ્યક્તિ વગેરેને લગતાં લક્ષણો, વિચારોનો પરિચય આ સાથે પ્રયોગશીલ નવપ્રતિભાઓનો પણ પરિચય.

૧. મુખ્ય મુખ્ય સર્જકો : ગોવર્ધનરામ, મ. ન. ત્રિવેદી, નરસિંહરાવ, રમણભાઈ નીલકંઠ, આનંદશંકર, ન્હાનાલાલ, કાન્ત, કલાપી, બ. ક. ઠાકોર, ગાંધીજી, કાલેલકર, મુન્શી, રા. વિ. પાઠક, મેઘાણી, ચં. ચી. મહેતા, સુન્દરમ, ઉમાશંકર, પન્નાલાલ, દર્શક, જ્યોતીન્દ્ર દવે, જયન્તી દલાલ રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, સુરેશ જોશી.

૨. અનુ. સુરેશ જોશી યુગના મુખ્ય પ્રવાહોનું વિહંગાવલોકન.

૩. સાહિત્ય કૃતિઓ : સરસ્વતીચન્દ્ર, કુસુમબાળા, રાઈનો પર્વત, પૂર્વાલાપ, મ્હારાં સૅનેટ, સત્યના પ્રયોગો, સમૂણી કાન્તી, જીવનનો આનંદ, ગુજરાતનો નાથ, તણખા-૧, ડિરેહની વાતો-૧, સોરઠ તારાં વહેતાં પાણી, દિવ્યચક્ષુ, આગગાડી, રંગતરંગ-૧, મહાપ્રસ્થાન, કાવ્યમંગલા, કોડિયાં, શર્વિલક, માનવીની ભવાઈ, ઝેર તો પીધાં છે જાણી જાણી, જનમટીપ, છંદોલય, આકાર, જનાન્તિકે, અમૃતા.

૪. સાહિત્ય સ્વરૂપોની વિકાસરેખા : ઊર્મિકવિતા, નવલકથા, નવલિકા, નાટક, નિબંધ, વિવેચન.

૫. સાહિત્યિક સંસ્થાઓ અને સામયિક પ્રવૃત્તિ.

૬. અનુવાદ પ્રવૃત્તિ.

સૂચિત પુસ્તકો

૧. "ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ ૧, ૨, ૩."—ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશન.

૨. "મધ્યકાલીન સાહિત્ય"—અનંતરાય રાવળ.

નોંધ.—સાહિત્યકારો અને કૃતિઓની યાદીમાં પ્રતિવર્ષ તે વર્ષના પ્રથમ વર્ષની તૃતીય વર્ષ પર્યન્તના ગુજરાતીનાં અભ્યાસક્રમના નિયત પાઠ્યપુસ્તકો વગેરે તથા અન્ય સંદર્ભને અનુલક્ષીને જરૂરી જણાય તે ફેરફારો સૂચવવા.)

પ્રશ્નપત્ર ૭ : ગુજરાતી ભાષાના ઐતિહાસિક વિકાસનો અને ગુજરાતી ભાષાનાં સ્વરૂપોનો અભ્યાસ :

(બ) પ્રશ્નપત્રમાં ૧૦ ગુણના સાત પ્રશ્નો રહેશે.

વિભાગ પહેલો—ભાષાનો સામાન્ય પરિચય	.. ૧૦ ગુણ
વિભાગ બીજો—ગુજરાતીનો વિકાસક્રમ	.. ૨૦ ગુણ
વિભાગ ત્રીજો—અર્વાચીન ગુજરાતીનું સ્વરૂપ	.. ૪૦ ગુણ

વિભાગ પહેલો—ભાષાનો સામાન્ય પરિચય .. ૧૦ ગુણ

૧. ભાષાનું માનવવ્યવહારમાં સ્થાન અને ભાષાના વિવિધ ઉપયોગો : ભાષા લાગણી અને વિચાર વ્યક્ત કરવાનું સાધન, સામાજિક વ્યવહારનું સાધન, સાહિત્યનું માધ્યમ, જ્ઞાનસાધન.

૨. ભાષાની વ્યાખ્યાને આધાર ભાષાના મુખ્ય લક્ષણોનો પરિચય : શૈાપર, સ્તુર્તવા કે હોલે આપેલી વ્યાખ્યાનો ઉપયોગ કરવો : ભાષાવ્યવસ્થાના વિવિધ સ્તરો, ધ્વનિ, રૂપ, વાક્ય, શબ્દ ભંડોળનો સામાન્ય ખ્યાલ

૩. બોલીઓનું સ્વરૂપ, માન્ય ભાષા અને પ્રાદેશિક બોલીઓનો સંબંધ, વ્યવહાર ભાષાના સામાજિક સાંસ્કૃતિક, પ્રાસંગિક સ્વરૂપભેદોનો સામાન્ય ખ્યાલ.

વિભાગ બીજો—ગુજરાતીનો વિકાસક્રમ :

૧. ભારતનાં ભાષાકુળો-ભારત યુરોપીયન્દ્રવિડ, મોનખ્મેર, અને ચીની-તિબેટી વિસ્તાર અને મુખ્ય નિર્દેશો.

૨. આદિમ ભારત—યુરોપીયનો ભારતીય આર્યના ઉદ્‌ગમ સુધીની સામાન્ય રૂપરેખા, (ભારત-યુરોપીય શાખાઓ વિશેની વિગતે જાણકારી અપેક્ષિત નથી.)

૩. ભારતીય આર્યોની વિકાસરેખા (ત્રણ તબક્કાઓના નિર્દેશ સાથે એ ત્રણ તબક્કાઓમાં) ભાષાકીય લક્ષણોનો પરિચય અપેક્ષિત નથી.

૪. અપભ્રંશથી અર્વાચીન ગુજરાતી સુધીનો વિકાસક્રમ—તેના ત્રણ તબક્કાઓના નિર્દેશ સાથે.

૫. ગુજરાતી ધ્વનિપરિવર્તન—અનુપૂર્તિ-૧માં આપેલા ઉત્સર્ગો પૂરતું મર્યાદિત.

૬. ઉત્સર્ગોમાં અંક ઉમેરવા વિ. (૧) સંયુક્ત વ્યંજનોનું પરિવર્તન (સં.થી અપ સુધી)

૭. ગુજરાતી શબ્દોભંડોળમાં કાળક્રમે થયેલું પરિવર્તન-ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંદર્ભો સાથે સાંકળીને તત્સમ, તદ્‌ભવ, દેશ્ય તથા વિદેશ અને અર્વાચીન ભારતીય ભાષાઓમાંથી સ્વીકૃત શબ્દોના ઉલ્લેખ સાથે.

વિભાગ ત્રીજો : અર્વાચીન ગુજરાતીનું સ્વરૂપ ..૪૦ ગુણ

૧. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતની બોલીઓની લાક્ષણિકતાઓનો પરિચય.

૨. માન્ય ગુજરાતીના ધ્વનિ ઘટકોનો સ્થાન પ્રયત્ન સાથે પરિચય અને એના મુખ્ય વર્ગો. વર્ગીકરણોને લગતી કશી સાધક-બાધક ચર્ચા અપેક્ષિત નથી.

૩. ગુજરાતીની શબ્દસિદ્ધિ : સાધક પૂર્વ પ્રત્યયો અને પરપ્રત્યયો.

૪. સ્વાનુકારી શબ્દો અને દ્વિરુક્ત પ્રયોગો

૫. ગુજરાતીની સમાસરચના તથા મુખ્ય સમાસ પ્રકારો.

૬. નામ : સંજ્ઞા, વિશેષણ અને સર્વનામ : (૧) નામપદને લાગતા પ્રત્યયો : પ્રત્યયોને યોગે નામનાં અંગો : વિકારી-અવિકારી વ. ખ્યાલ. (૨) વચનવ્યવસ્થા–બહુવચન વ્યક્ત કરવાની રીતો, બહુવચનના "ઓ" પ્રત્યય પરનાં નિયંત્રણો. બહુવચનના અર્થો (૩) લિંગવ્યવસ્થા, લિંગવાચક પ્રત્યયો, લિંગભેદના અર્થો (૪) વિભક્તિદર્શક અનુગો અને નામયોગીઓ અને એમનું કાર્ય.

૭. આખ્યાતનાં રૂપાખ્યાન (૧) આખ્યાતના મૂળ અને સાધિત અંગો—પ્રેરક અંગો, કર્મણિ અંગો (૨) કાળવ્યવસ્થા : અર્થવ્યવસ્થાનો પરિચય કરાવવો (૩) સહાયકારકવાળા અને સંયુક્ત ક્રિયારૂપોનો પરિચય કરાવવો.

૮. ક્રિયાવિશેષણો, સંયોજકો, ઉદ્ગાર વાચકો અને નિપાતો અને એમનું વાક્યગત કાર્ય.

સૂચિત સંદર્ભગ્રંથો

૧. અનુવાદ "ગુજરાતી ભાષા" : મીનાક્ષી પટેલ
૨. "થોડોક વ્યાકરણ વિચાર" : ડૉ. હરિવલ્લભ ભાયાણી
૩. "અનુશીલનો" : ડૉ. હરિવલ્લભ ભાયાણી
૪. ગુજરાતી ભાષાનું ધ્વનિસ્વરૂપ અને ધ્વનિપરિવર્તન : ડૉ. પ્રબોધ પંડિત
૫. "બોલીવિજ્ઞાન અને ગુજરાતની બોલીઓ" : ડૉ. યોગેન્દ્ર વ્યાસ
૬. "ગુજરાતી ભાષાનો વિકાસ" : કે. કા. શાસ્ત્રી

અનુપૂર્તિ ૧ : ધ્વનિપરિવર્તનના નિયમો (ઉત્સર્ગો)

(ક) સંસ્કૃતથી પ્રાકૃત–અપભ્રંશ સુધીની એકવડા (સંયુક્ત સ્પર્શવ્યંજનોનું પરિવર્તન)

૧. મધ્યસ્થાને :

(૧) અલ્પપ્રાણ વ્યંજનોમાથી "ક્", "ગ્", "ચ્", "જ", "ત", "દ" લુપ્ત થાય છે અને ક્વચિત "ય્" શ્રુતિ થાય છે.

(૨) "ટ'નો "ડ" થાય છે.

(૩) "પ"નો "વ" થાય છે.

(૪) મહાપ્રાણ વ્યંજનોમાંથી ખ્, ફ્, થ્, ધ, ઘ્, ભ્ પ્રાકૃત અપભ્રંશમાં "હ" થાય છે. જે પછી ગુજરાતીમાં કાં તો એમ ને એમ રહે છે અથવા તો લુપ્ત થાય છે અથવા તેનો સ્થાનફેર થાય છે. અથવા તો એ આસપાસના કોઈપણ અલ્પપ્રાણ વ્યંજનમાં ભળી જઈ એને મહાપ્રાણ બનાવે છે.

(૫) સંયુક્ત વ્યંજનોનું પરિવર્તન : (જુદા જુદા સંયોગોનો અભ્યાસ જરૂરી નથી.)

(બ) અપભ્રંશથી ગુજરાતી સુધીમાં થયેલાં પરિવર્તનો :

(અ) બેવડા વ્યંજનો એકવડા બને છે. અલ્પપ્રાણ અને મહાપ્રાણ સંયોગમાંથી એકલો મહાપ્રાણ રહે છે અને પૂર્વસ્વર દીર્ઘ થાય છે.

(બ) અનુનાસિક અને નિરનુનાસિક વ્યંજનોનો સંયોગ હોય ત્યારે અનુનાસિક વ્યંજનનો લોપ થઈ પૂર્વનો દીર્ઘ થતો સ્વર સાનુનાસિક બને છે.

(ક) સ્વરભારયુક્ત ઉચ્ચારણોમાં ઉપરનું પરિવર્તન થયું નથી. સંયુક્ત વ્યંજનો પ્રથમ શ્રુતિને બદલે બીજી ત્રીજી શ્રુતિમાં હોય તો સંયોગ લોપ થવા છતાં પૂર્વસ્વર દીર્ઘ થતો નથી.

૧. "આઇ", "અઉ" એ સ્વરયુગ્મોનું પરિવર્તન :

(૧) પ્રથમ સ્થાનના : અઈ, અઉનો અં કે ઔ (વિવૃત) થવો

(૨) અન્ય સંયોગોમાં સંસ્કૃત 'ઐ' અને 'ઔ' થાય છે.

અનુપૂર્તિ ૨—અંગસાધક પ્રત્યયો

(ક) પૂર્વપ્રત્યયો :

(૧) અપ, અવ, અતિ, અનુ, ઉપ, કુ, દસ, નિસ, પ્ર, સમ, સુ.

(૨) ગુજરાતી તદ્ભવ પૂર્વપ્રત્યયો : અ, અણ, ક, વણ.

(ખ) પરપ્રત્યયો :

(૧) પ્રત્યય લાગતાં પદપ્રકાર બદલાય તે.

(૨) પ્રત્યય જે અંગને લાગ્યો હોય તદનુસાર નામિક કે આખ્યાયિકાના ખ્યાલો સ્પષ્ટ કરવા.

(૩) પ્રત્યયનું કાર્ય મૂળ અંગને લાગીને અંગ સિદ્ધ થતું હોય તે ભેદ દર્શાવવો.

(૪) સંજ્ઞાસાધક, વિશેષણસાધક વગેરે વિશે પરિચય મળે તે રીતે પ્રત્યયોની ઓળખ થાય તે જરૂરી.

(૫) અંગ વિસ્તારક અ, અક, : અ-ક-ઈકા, ડ, લ, ક, ઉ, ચ.

ગુજરાતી તદ્ભવ પરપ્રત્યયો

(૧) વિશેષણ બનાવનાર : ઉ, આઈ. (૩) સંજ્ઞા તેમ જ વિશેષણ બનાવનાર ણ, આર.

(૨) કેવળ નામિક અંગોને લાગીને (૧) સંજ્ઞા બનાવનાર આશ, વટ, પ, પણ, આણ

(૩) વિશેષણ બનાવનાર : ઈલ, વાળ. આળ.

(૪) ફારસી નામિક પ્રત્યયો અને એમનું કાર્ય.
ઈ, ગી, ગીરી, વાર, દાર વર, વાન, બાન, ઈ, ચી.

પ્રશ્નપત્ર ૮ : સાહિત્ય વિવેચનાના સિદ્ધાંતોનો અભ્યાસ (જૂન, ૧૯૮૨ થી અમલમાં)

(અ) સાહિત્યનું સ્વરૂપ	૪૨ ગુણ (ત્રણ પ્રશ્નો)
(બ) સાહિત્યનું પ્રયોજન, ભાવન, વિવેચન	૨૮ ગુણ (બે પ્રશ્નો)

(અ) સાહિત્ય સ્વરૂપ :

૧. **ભૂમિકા :**

સાહિત્ય એક કલા–અન્ય કલાઓની તુલનાએ સાહિત્યકલાની વિશેષતા, લલિત-લલિતેતર સાહિત્યનો ખ્યાલ. કાવ્યહેતુ : શક્તિ, નિપુણતા, અભ્યાસ, કાવ્યના પ્રકાર : ધ્વનિકાવ્ય, મધ્યમ-કાવ્ય, ચિત્રકાવ્ય.

૨. **સાહિત્યનાં ઘટક તત્ત્વો :**

સાહિત્યનું ઉત્પાદન ભાષા સાહિત્ય-ભાષા અને વ્યવહાર-ભાષા, શબ્દની શક્તિ : અભિધા, લક્ષણા, વ્યંજના, લક્ષણાના છ પ્રકારો : (વ્યંજનાના પ્રકારો નહીં) અલંકારનું કાવ્યમાં સ્થાન, કલ્પન કે પ્રતિરૂપ, પ્રતીક, પુરા, કલ્પન છંદનું કાવ્યમાં સ્થાન, ગદ્ય અને પદ્યના મુખ્ય સાહિત્યપ્રકારોનો પ્રાથમિક પરિચય : નવલકથા, ટૂંકી વાર્તા, નાટક, નિબંધ, ઊર્મિ-કાવ્ય, ખંડકાવ્ય, મહાકાવ્ય :
શૈલી, રીતિ, ગુણ સૌષ્ઠવપ્રિય, કૌતુકપ્રિય.

(બ) સાહિત્યનું પ્રયોજન અને વિવેચન :

૧. સાહિત્યનાં પ્રયોજન જ્ઞાન, ઉદ્‌બોધન, આનંદ

૨. સાહિત્યનું ભાવન.

સર્જન અને ભાવન, અભિવ્યક્તિ (એક્સપ્રેશન) અને પ્રત્યાયન : (કૉમ્યુનિકેશન), અનુભૂતિનું સાહિત્યમાં રૂપાંતર, ઊર્મિ, કલ્પના, તરંગ, અનુકરણ અને પ્રતિનિધાન, ભરતના રસસૂત્રની સામાન્ય સમજ, સાધારણીકરણ ઔચિત્ય, કાવ્યનું સત્ય, કાવ્ય અને વિ. નીતિ.

(ક) સાહિત્યનું વિવેચન :

વિવેચનની વિવિધ પદ્ધતિઓ, વિશ્લેષણ અને વિવરણ, રસદર્શન, મૂલ્યાંકન, અવલોકન અને સમીક્ષા.

સૂચિત પુસ્તકો

નીચેનાં પુસ્તકો તેમનો જેટલો ભાગ ઉપરના વિષયો સાથે સંબંધિત હોય તેટલા પૂરતાં સૂચવ્યાં છે:

૧. "પ્રિન્સિપલ્સ ઑફ લિટરરી ક્રિટિસિઝમ" (એબરક્રોમ્બિ) "સાહિત્ય વિવેચનોના સિદ્ધાંતો"–નગીનદાસ પારેખકૃત ગુજરાતી અનુવાદ.

૨. "જજમેન્ટ ઈન લિટરેચર–વર્સફોલ્ડ" : 'સાહિત્યમાં વિવેક'–નગીનદાસ પારેખકૃત ગુજરાતી અનુવાદ.

૩. "કાવ્યપ્રકાશ" : ઉલ્લાસ ૧—૨ :

૪. "અભિનવગુપ્તનો રસવિચાર અને બીજા લેખો"–નગીનદાસ પારેખ

૫. "શૈલી અને સ્વરૂપ" : ઉમાશંકર જોશી

પ્રશ્નપત્ર ૯ (જૂન, ૧૯૮૬થી અમલમાં)

૧.	વિચારવિસ્તાર	૧૫ ગુણ
૨.	સારાંશ લેખન	૧૫ ગુણ
૩.	પરિચ્છેદ લેખન	૨૦ ગુણ
૪.	કાવ્યનું રસદર્શન, તેના વિકલ્પે સર્જનાત્મક ગદ્યખંડ	૨૦ ગુણ

સ્પષ્ટતા :

આ પ્રશ્નપત્રના ત્રીજા મુદ્દામાં "પરિચ્છેદ લેખન"નો નિર્દેશ કરેલો છે. આના અનુષંગે વિદ્યાર્થીને કોઈ પણ સાહિત્યિક મુદ્દા ઉપર કે વિચાર-ચિંતનલક્ષી વિષય પર નિબંધ સ્વરૂપનો એક પરિચ્છેદ લખવાનો રહે. (સાહિત્યિક મુદ્દા : દા. ત. કાવ્યમાં છંદ, ટૂંકી વાર્તામાં ઘટનાતત્ત્વ વગેરે જેવા મુદ્દાઓ હોઈ શકે. આવા કોઈ વિષય પર વિદ્યાર્થી લાઘવપૂર્વક પોતાના અથવા અન્યના વિચારો સંગતિ સ્વરૂપે રજૂ કરે. એ વડે આવા મુદ્દા પરનું એક સઘન લખાણ તૈયાર કરવાની વિદ્યાર્થીને આવશ્યક તાલીમ મળે તેવો આ મુદ્દા પાછળનો હેતુ છે.

આ પ્રશ્નપત્રના પહેલા મુદ્દામાં વિચારવિસ્તારનો નિર્દેશ કરેલો છે. આના અનુષંગે વિદ્યાર્થી કોઈ પણ પદ્યપંક્તિઓ અથવા ગદ્યપંક્તિઓના જે તે વિચારોનું આવશ્યક વિસ્તરણ કરે તેવી અપેક્ષા છે.

આના ત્રીજા મુદ્દામાં જે તે શીર્ષક પરનો પરિચ્છેદ અપેક્ષિત છે. જેમ કે કાવ્યમાં છંદ, ટૂંકી વાર્તામાં ઘટનાતત્ત્વ વગેરે. જ્યારે બીજા મુદ્દામાં સિદ્ધપ્રસિદ્ધ અને વિચારસઘન એવી પંક્તિઓ પરનો વિસ્તાર અપેક્ષિત છે.

પ્રશ્નપત્ર ૧૦ : બે વિશિષ્ટ કૃતિઓનો તલસ્પર્શી અભ્યાસ

(૧) અખેગીતા—અખો
(૨) લાવણ્ય—રઘુવીર ચૌધરી

પ્રશ્નપત્ર ૧૧

ત્રીજા વર્ષ બી.એ. ગુજરાતી વિષયના નિબંધના પ્રશ્નપત્ર માટેના મુદ્દાઓ

વિભાગ ૧ : નિબંધો ... ૩૫ ગુણ

૧. મધ્યકાલીન ગુજરાતી કવિતામાં ભક્તિ
૨. મધ્યકાલીન ગુજરાતી આખ્યાન સ્વરૂપ અને વિકાસ
૩. મધ્યકાલીન ગુજરાતી ફાગુકિસ્વરૂપ અને સમૃદ્ધિ
૪. આપણું લોકસાહિત્ય
૫. ગુજરાતી રંગભૂમિનો વિકાસ
૬. પાશ્ચાત્ય સાહિત્યનો ગુજરાતી સાહિત્ય પર પ્રભાવ
૭. ગુજરાતી સાહિત્યમાં આધુનિકતા
૮. સ્વાતંત્ર્યોત્તર સાહિત્યનાં વિશિષ્ટ લક્ષણો

૯. ગુજરાતી કવિતામાં પ્રકૃતિ નિરૂપણ
૧૦. સાહિત્ય અને સમાજ-અભિમુખતા
૧૧. સાહિત્યમાં જીવનમૂલ્યોની આવજત
૧૨. સાહિત્ય અને સમૂહ માધ્યમો
૧૩. મારી પ્રિય સાહિત્યકૃતિ.

વિભાગ ૨ : લેખન કૌશલ ... ૩૫ ગુણ

૧. પત્ર લેખન ... ૧૦ ગુણ
૨. અરજી લેખન ... ૧૦ ગુણ
૩. અહેવાલ લેખન ... ૧૫ ગુણ

નોંધ.—વિભાગ ૧માંથી એક પ્રશ્નમાં ચાર વિષયો પૂછી તેમાંથી કોઈ પણ એક વિશે લેખનનું રાખવું.

ઉપરનાં છએ પ્રશ્નપત્રોનાં મુદ્દાઓને આવરી લે તેવાં ચોસઠમાં ચોસઠ પાંચ લખાણો વિદ્યાર્થીએ સત્રદીઠ તૈયાર કરવાં આવશ્યક છે.

ગુજરાતી

એમ.એ. ભાગ ૧ (૧૯૯૩)ની પરીક્ષા

મુખ્ય અને ગૌણ :

પ્રશ્નપત્ર ૧—સાહિત્ય સ્વરૂપ : નવલકથાનું સાહિત્ય સ્વરૂપ

મુદ્દાઓ :

૧. સાહિત્યમાં સ્વરૂપ : (ફૉર્મ)ની વિભાવના
૨. જે તે સાહિત્ય સ્વરૂપનાં મુખ્ય લક્ષણો
૩. એનાં વ્યાવર્તક લક્ષણો
૪ સ્વરૂપના ઉદ્‌ભવની પીઠિકા
૫. ગુજરાતીમાં એનો વિકાસ
૧. એની આધુનિક સ્થિતિ.

સાહિત્ય સ્વરૂપના અભ્યાસક્રમમાં મદદરૂપ થાય તે માટે નીચેનાં પુસ્તકો સૂચવવામાં આવે છે :

૧. સરસ્વતીચંદ્ર ભાગ ૨—ગો. રામ
૨. ગુજરાતનો નાથ—ક. મા. મુનશી
૩. માનવીની ભવાઈ—પન્નાલાલ પટેલ
૪. ઝેરતો પીધાં છે જાણી જાણી ભાગ ૧—દર્શક
૫. ઘરે બાહિરે—રવીન્દ્રનાથ ટાગોર
૬. ધ ઓલ્ડ મૅન ઍન્ડ ધ સી—હેમિંગ્વે.

મુખ્ય

પ્રશ્નપત્ર ૨—સાહિત્યમા મીમાંસા : ભારતીય અને પાશ્ચાત્ય.

૧. ભારતીય સાહિત્ય મીમાંસા :

(ક) ધ્વનિ સ્વરૂપ : પ્રતીયમાન અર્થનું સ્વરૂપ—એનો વિરોધ-અભાવવાદીઓ, અભિધાથી વ્યંજનાની ભિન્નતા, લક્ષણોથી વ્યંજનાની ભિન્નતા દીર્ઘ આભિધા અને વ્યંજનાની ભિન્નતા, અનુમાનથી વ્યંજનાની ભિન્નતા, લક્ષણોનું પ્રયોજન, વ્યંજનાથી જ સુક્ષ્મ બીજું લક્ષણો શક્ય નથી. વિશિષ્ટ લક્ષણાયુક્ત નથી.

(ખ) ધ્વનિના પ્રકારો : લક્ષણામૂલ અત્યંતતિરસ્કૃતવાચ્ય, અર્થાન્તસંક્રમિતવાચ્ય, અભિધામૂલ : શબ્દશક્તિમૂલ, અર્થશક્તિમૂલ, ઉભય શક્તિમૂલ, સંલક્ષ્યક્રમ, અસંલક્ષ્યક્રમ, વ્યંગ્ય, લૌકિક અને અલૌકિક, સ્વતંસંભગી, કવિપ્રૌઢોક્તિસિદ્ધ અને કૃતિ, નિષ્પન્નપાત્ર પ્રૌઢોક્તિસિદ્ધ, પદ વાક્ય-પ્રબંધ, પદાર્થ, વસ્તુ ધ્વનિ, અલંકાર ધ્વનિ અને રસધ્વનિ.

(ગ) ભાવ અને રસનો ભેદ. લૌકિક અનુભવ અને કાવ્યાનુભવનો ભેદ. નિર્વિઘ્નો સંવિત્ દ્વારા અનુભવાતો સ્થાયી તે રસ, બીજા અનુભવોથી એની ભિન્નતા, એ સ્થાયીથી વિલક્ષણ છે.

(ઘ) રસપ્રક્રિયા : ભરતનું રસસૂત્ર અને ભરતનો રસવિચાર. વિભાવ, અનુભાવ, વ્યભિચારી અને સ્થાયી ભાવની સમજૂતિ. વિભાવાદિની અલૌકિકતા. રસસૂત્રની લોલટની વ્યાખ્યા—એની સામેના વાંધા. શંકુકની વ્યાખ્યા, ભટ્ટ નાયકની વિચારણા, એની સાથેના વાંધા, અભિનવની રસસૂત્રતની વ્યાખ્યા, એમાં પૂર્વાચાર્યોના મતોના માન્ય અંશોનો સ્વીકાર, રસપ્રતીતિનાં વિઘ્નો અને એનું નિરસન.

(ચ) વક્રોકિત : કુંતકે કરેલી કાવ્યની વ્યાખ્યા. શબ્દાર્થની સાહિત્યવક્રતા એટલે શું ? વક્રતાના પ્રકારની ગણના. ત્રણ માર્ગો, એઓનું સ્વરૂપ, માર્ગો વિશેના પૂવાચાર્યોના મતોની ચર્ચા.

(છ) રમણીયતા : જગન્નાથે કરેલી કાવ્યની વ્યાખ્યા, શબ્દ ઉપરનો ભાર, રમણીયતાની વિભાવના.

૨. પાશ્ચાત્ય સાહિત્ય મીમાંસા :

(ક) એરિસ્ટોટલની ટ્રેજડીની વિભાવના
—અનુકરણનો સિદ્ધાન્ત
—ટ્રેજડીનાં ઘટક તત્ત્વો, વસ્તુચરિત્ર, વગેરે
—સ્થિતિવિપર્યય અને અભિજ્ઞાન
—ટ્રેજડીના વિભિન્ન વિભાગો—પૂર્વજ્ઞાન વગેરે
—કેથાર્સિસ.

(ખ) લોન્જાઈનસની ભવ્યતાની વિભાવના :
—ઉદાત્તતા અને ભાષાશૈલી
—ઉદાત્તતાના અવરોધક દોષો
—ઉદાત્તતાની કસોટી
—ઉદાત્તતાના પાંચ ઉદ્‌ગમ સ્રોત
—ઉદાત્તતા અને અલંકારોનો સબંધ.

(ગ) ક્રોચેનો અભિવ્યક્તિવાદ :

—પ્રતિભાવ : ઈન્ટયુશન અને અભિવ્યક્તિ : એક્સપ્રેશન

—ચૈતન્યના નાતાત્મક અને ક્રિયાત્મક વ્યાપારો

—કલા અને ભૌતિક કૃતિ–સ્મૃતિ સહાયકો

—સુંદર અને વિરૂપનો વિભાવ

(ઘ) મેથ્યુ આર્નોલ્ડના કવિતા વિષયક વિચારો

—ધર્મ, સંસ્કૃતિ અને વિજ્ઞાનના સંદર્ભમાં કવિતાનું સ્થાન

—કવિતા–જીવનની સમીક્ષા

—કવિતા–નિષ્કર્ષ સિદ્ધાંત

—કવિતાનું કામ

—સત્ય અને ઊંચું ગાંભીર્ય—ટ્રુથ એન્ડ હાઈ સિરિયસનેસ

(ચ) ટી. એસ. એલિયટના કવિતા વિષયક વિચારો :

—પરંપરા અને વૈયક્તિક પ્રતિભા

—વિવૈયક્તિકતાનો વિભાવ

—વસ્તુગત સહસંબંધકનો સિદ્ધાંત

—કવિતાના ત્રણ સૂર

—કવિતાનું સંગીત

૩. સાહિત્યિક વાદો અને વલણો :

(૧) વાસ્તવવાદ (૨) પ્રતીકવાદ (૩) પરાવાસ્તવવાદ (૪) સંરચનાવાદ

સૂચિત પુસ્તકો

૧. "કાવ્ય વિચાર"—સુરેન્દ્રનાથ દાસગુપ્તા, અનુ. નગીનદાસ પારેખ

2. "Making of Literature" by Scott James

3. "Critical Approaches to Literature" by David Diaches

૪. "અભિનવગુપ્તનો રસવિચાર અને બીજા લેખો"—નગીનદાસ પારેખ

પ્રશ્નપત્ર ૩ : નીચેની કૃતિઓનો વિશિષ્ટ અભ્યાસ :

૧. પદ્મનાભ કૃત—કહાન્ડદે પ્રબંધ

૨. વિદીશા—ભોળાભાઈ પટેલ

૩. અંગત—રાવજી પટેલ

૪. શવિંલક—રસિકલાલ પરીખ

એમ. એ. ભાગ ૧—ફક્ત એ-ટાયરના વિદ્યાર્થીઓ માટે

પ્રશ્નપત્ર ૪ : આધુનિક ગુજરાતી સાહિત્ય : મૉડર્ન ગુજરાતી લીટરેચર :

(અ) સૈદ્ધાંતિક :

(૧) આધુનિકતાની વિભાવના
(૨) ભારતીય સાહિત્યમાં આધુનિકતાનો પ્રભાવ
(૩) ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાનો પ્રવાહ
(૪) આધુનિકતાવાદ

(બ) નીચેનામાંથી કોઈ એક સાહિત્ય સ્વરૂપ :

૧. નવલકથા ૨. કવિતા ૩. ટૂંકી વાર્તા ૪. નાટક

કવિતા સ્વરૂપનો અભ્યાસ

૧. ધી વેસ્ટ લેન્ડ—ટી. એસ. એલિયટ

૧. ટાણાં, અવાજ, ઘોંઘાટ—લાભશંકર ઠક્કર

૩. પ્રવાલદ્વિત : "બહદ છંદોલય"માંથી—નિરંજન ભગત

એમ. એ. ભાગ ૨ ગુજરાતી ૧૯૯૩ પરીક્ષા માટે

મુખ્ય અને ગૌણ

પ્રશ્નપત્ર ૫ : નીચેનામાંથી ગમે તે એક ગ્રંથકારનો તલસ્પર્શી અભ્યાસ

મધ્યકાલ—પ્રેમાનંદ

અથવા

અર્વાચીન કાળ—શ્રી કનૈયાલાલ મુનશી

મુદ્દાઓ :

(અ) લેખકના જન્મસમયની સાંસ્કૃતિક પરિસ્થિતિ, લેખકના વ્યક્તિત્વનું ઘડતર.

(બ) સાહિત્યિક કાર્ય (મુખ્ય કૃતિઓ).

(ક) લેખક તરીકેની વિશેષતાઓ—લેખકના સાહિત્યિક કાર્યનો પ્રભાવ; ઐતિહાસિક અને તાત્ત્વિક દૃષ્ટિએ એના સાહિત્યિક પ્રદાનનું મૂલ્યાંકન.

પ્રશ્નપત્ર ૬ :

ગુજરાતી ભાષા : વૈજ્ઞાનિક અધ્યયન : જૂન ૧૯૯૩ થી અમલમાં

ખંડ પહેલો : ભાષાવિજ્ઞાનના સામાન્ય સિદ્ધાંતોનો પરિચય	... ૩૬ ગુણ
ખંડ બીજો : ગુજરાતી ભાષાનો ઇતિહાસ	... ૩૮ ગુણ
ખંડ ત્રીજો : અર્વાચીન ગુજરાતી ભાષા અને અધ્યયન	... ૧૬ ગુણ

ખંડ પહેલો : ભાષાવિજ્ઞાનના સામાન્ય સિદ્ધાંતોનો પરિચય

અહીં નીચેના મુદ્દાઓનો પ્રાથમિક પરિચય અપેક્ષિત છે. પેટાવિગતો કે પેટાપ્રકારોમાં ન જવું.

૧. "ભાષા" શબ્દના વિવિધ અર્થો અને અહીં અભિપ્રેત અર્થો, યાદચ્છિક ધ્વનિસંકેતોની વ્યવસ્થાની સ્પષ્ટતા, ભાષા, અને "વાણી".

૨. ભાષાવિજ્ઞાનના વિષયપ્રદેશની સામાન્ય સમજૂતી, એની વિવિધ શાખાઓ અને અન્ય વિદ્યા-શાખાઓ સાથેના એના સંબંધના નિર્દેશ સાથે ભાષાવિજ્ઞાનની મુખ્ય અભ્યાસ પદ્ધતિઓ, વર્ણનાત્મક (Descriptive), ઐતિહાસિક (Historical), તુલનાત્મક (Comparative).

૩. **ધ્વનિવિચાર :**

ધ્વનિસ્વરૂપશાસ્ત્ર અને ધ્વનિઘટકશાસ્ત્ર કે ધ્વનિતંત્રનો ભેદ, ધ્વનિસ્વરૂપનો અભ્યાસ : ઉચ્ચારણમૂલક, ધ્વનિયોગ્યેકીય અને શ્રુતિલક્ષી એ ખ્યાલ.

ઉચ્ચારણપ્રક્રિયા અને વિવિધ અંગોનું કાર્ય : ફેફસાં, નાદતંત્રીઓ, ગ્રસનિકા, નાસિકાવિવર, પડજીભ, જીભ, હોઠ.

વિવિધ ધ્વનિપ્રકારો અને ધ્વનિગુણોની ઓળખ : સ્વર, વ્યંજન, અર્ધસ્વર, ઘોષ-અઘોષ, અલ્પપ્રાણ—મહાપ્રાણ, સ્પર્શ, —સંઘર્ષી, સ્પર્શ-સંઘર્ષી, પ્રકંપી, પાર્શ્વિક થડકારવાળા અને સ્થાનભેદે ધ્વનિભેદ વ. અનુનાસિક, પ્રતિવેષ્ટિત, અલ્પપ્રાણત્વ-મહાપ્રાણત્વ, ઘોષત્વ, અઘોષત્વ-હ્રસ્વત્વ-દીર્ઘત્વ, ભાર (Stress), સૂર (Pietch), જંક્ચર, પ્લુતિ, અક્ષર (Syllable).

૪. રૂપવિચાર : રૂપઘટક, ઉપરૂપઘટક, બહુઘટક અને મુક્તઘટક : ઘટકો અને કાર્યઘટકો (Contentives and functives), અંગસાધક ઘટકો અને પદસાધક ઘટકો (derivational & inflexional), પ્રત્યય (effix) : પૂર્વપ્રત્યય, પરપ્રત્યય, અંતઃપ્રત્યય (અધિપ્રત્યય).

૫. વાક્યવિચાર : પદક્રમ, પદસંવાદ (concord), પદ નિયંત્રણ (Government), પ્રતિનિર્દેશ (differences), ઘટકો અને રચના (Constituents & Constructions), અવ્યવહિત ઘટકો (Immediate Constituents), બંધ રચના અને ખુલ્લી રચના : અંતઃકેન્દ્રી અને બહિઃકેન્દ્રી રચનાઓ (endocentric and exocentric) વાક્ય, અને વાક્ય પ્રકારો, કર્તા, ક્રિયાપદવાળા, કર્તા વગરના, ક્રિયાપદ વગરના, સંબોધનાત્મક, કહેવતરૂપ, ઉદ્ગારવાચક, પૂરકરૂપ (Completive), સાદું-સંયુક્ત-સંકુલ (simple-compound-complex) વાક્ય.

૬. ભાષાઓનું આનુવંશિક વર્ગીકરણ—મહત્ત્વનાં ભાષાકુળો, ભાષાઓનું સ્વરૂપનિષ્ઠ વર્ગીકરણ-વિવિધ પ્રકારોના ઉલ્લેખ સાથે, માન્ય ભાષા (સાહિત્ય, બોલચાલની), બોલી, ઉપબોલી, ભાષા ભૂગોળ, બોલીઓનું સ્વરૂપ-બોલીભેદની રેખાઓ (Issoglosses)ના સંદર્ભમાં.

૭. ભાષા પરિવર્તન : સ્વરૂપ, પ્રકારો, કારણો, ધ્વનિપરિવર્તન : ધ્વનિપરિવર્તનની નિયમિતતા, ધ્વનિપરિવર્તનના પ્રકારો, ધ્વનિતંત્રીય એકના બે ધ્વનિઘટકો થવા, એનો એક થવો (લોપ થવો), ઉચ્ચારણગત (સ્થાન પ્રયત્નનું પરિવર્તન તથા સારૂપ્ય, વૈરૂપ્ય, વ્યત્યય, સવર્ણલોપ, પ્રક્ષેપ), વ્યાકરણના પરિવર્તન, સાદૃશ્ય, વ્યાપાર, અર્થ-પરિવર્તન અને એના મુખ્ય પ્રકારો, શબ્દભંડોળનું પરિવર્તન, આદાનવ્યાપાર.

૮ ૧. પ્રાચીન ભારતમાં થયેલા ભાષાવૈજ્ઞાનિક કાર્યની રૂપરેખા.

૨. યુરોપ-અમેરિકામાં ભાષાવિજ્ઞાનનો ઉદ્‌ભવ અને વિકાસ-જુદા જુદા અર્થોમાં થયેલું મુખ્ય કાર્ય અને આવેલા વળાંકો (વ્યક્તિગત કાર્યની નોંધ અપેક્ષિત નથી).

૩. ગુજરાતીમાં થયેલું ભાષાવૈજ્ઞાનિક કાર્ય :
(ક) ઐતિહાસિક દૃષ્ટિએ
(ખ) ગુજરાતીનાં ધ્વનિતંત્ર, રૂપતંત્ર, શબ્દભંડોળ, બોલીઓ તથા અન્ય વિષયમાં થયેલ
(ગ) મુખ્ય વિદ્વાનોના અર્પણની દૃષ્ટિએ.

ખંડ બીજો—ગુજરાતી ભાષાનો ઇતિહાસ

૧. પ્રાચીન ભારતીય આર્ય (બૌદ્ધક-સંસ્કૃત)થી મધ્યમ ભારતીય આર્ય સુધીનું થયેલું :
(૧) ધ્વનિપરિવર્તન—અનુપૂર્તિ ૧માં આપેલા મુદ્દાઓને લક્ષમાં રાખીને ચાલવું.
(૨) વ્યાકરણમૂલક પરિવર્તન—નામિક અને આખ્યાતિક રૂપરચનામાં થયેલા પરિવર્તનથી વ્યાપક રૂપરેખા અપેક્ષિત છે.
(ભિન્ન ભિન્ન પ્રાકૃતોનાં ભેદક લક્ષણોની જાણકારી અપેક્ષિત નથી).

૨. અપભ્રંશ વ્યાકરણની રૂપરેખા—નામિક અને આખ્યાતિક રૂપતંત્રનો પરિચય

૩. અપભ્રંશથી ગુજરાતી અને પ્રાચીન ગુજરાતીથી મધ્યકાલીન ગુજરાતી અને મધ્યકાલીન ગુજરાતીથી અર્વાચીન ગુજરાતી સુધીમાં થયેલું :
(૧) ધ્વનિપરિવર્તન—અનુપૂર્તિ ૧માં આપેલા મુદ્દાઓને લક્ષમાં રાખીને ચાલવું.
(૨) વ્યાકરણમૂલક પરિવર્તન—નામિક અને આખ્યાતિક રૂપરચનામાં થયેલા પરિવર્તનની વ્યાપક રૂપરેખા અપેક્ષિત છે.

ખંડ ત્રીજો—અર્વાચીન ગુજરાતી ભાષા અને અધ્યયન

... ૧૬ ગુણ

૧. ગુજરાતીના ધ્વનિતંત્રના પ્રશ્નો, સ્વરયુગ્મો અને સંયુક્તના મર્મર અને મહાપ્રાણત્વ અનુનાસિક ધ્વનિઘટકોની વ્યવસ્થા, અર્ધસ્વરોની ચર્ચા.

૨. ગુજરાતી વ્યાકરણતંત્ર—પદક્રમ અને પદક્રમની લાક્ષણિકતાઓ, વાક્યના પ્રકારો—વિધિવાક્ય, નિષેધવાક્ય, વિધાનવાક્યના પ્રશ્નવાક્ય અને ઉપયોગો, કર્તરિ, કર્મણિ, ભાવે, પ્રેરક વાક્ય, ક્રિયાપદવાળાં અને ક્રિયાપદ વગરનાં વાક્ય, સાદાં, સંયુક્ત, સંકુલ વાક્ય, વાક્યપરિવર્તન—વિધિવાક્ય પરથી નિષેધ વાક્ય, કર્તરિ પરથી કર્મણિ, સાદા, પરથી પ્રેરક વાક્યનું રૂપાંતર.

૩. ગુજરાતી ભાષાની મહત્ત્વની લાક્ષણિકતાઓ—ઉચ્ચારણો, શબ્દભંડોળ, વાક્યરચના આદિની દૃષ્ટિએ સંક્ષેપમાં પરિચય.

૪. ગુજરાતમાં થયેલું ભાષાવૈજ્ઞાનિક કાર્ય :
૧. ઐતિહાસિક દૃષ્ટિએ
૨. ગુજરાતીના ધ્વનિતંત્ર—સ્વરૂપતંત્ર, શબ્દભંડોળ, બોલીઓ તથા અન્ય વિષયમાં થયેલ.
૩. મુખ્ય વિદ્વાનોના અર્પણની દૃષ્ટિએ.

અનુપૂર્તિ ૧

પ્રાચીન ભારતીય આર્યથી મધ્યમ ભારતીય આર્ય સુધીનાં ધ્વનિપરિવર્તનો :

(ક) સ્વરોમાં થયેલું પરિવર્તન :

૧. લુપ્ત થયેલા સ્વરો અને 'ऋ'નું પરિવર્તન
૨. દીર્ઘ સ્વરો હ્રસ્વ થવા
૩. સંયુક્ત સ્વરો સાદા બનવા
૪. લગોલગ આવેલા સ્વરોનું, સ્વરયુગ્મોનું પરિવર્તન
૫. અમુક સંયોગોમાં 'ઈ', 'ને', 'ઐ' તથા 'ઉ'નો 'ઓ' અને 'અ'નો 'ઇ'
૬. અમુક સંયોગોમાં શબ્દના આદ્ય સ્વરનો લોપ.

(ખ) અસંયુક્ત વ્યંજનોમાં થયેલ પરિવર્તન :

૧. અંત્ય સ્થાનના વ્યંજનો લોપ
૨. આદ્યસ્થાને સ્, શ્, ષ્, ય્, નું પરિવર્તન
૩. મધ્યસ્થાને :
(અ) લોપ પામતા અલ્પપ્રાણ વ્યંજનો
(આ) 'હ' રૂપે પરિણમતા મહાપ્રાણ વ્યંજનો.

(ગ) સંયુક્ત વ્યંજનોમાં થયેલું પરિવર્તન :

૧. સ્પર્શ+સ્પર્શ સમાન અને અસમાન સ્થાનના સંયોગનું પરિવર્તન
૨. સ્પર્શ+ઉષ્મ અને ઉષ્મ-સ્પર્શના સંયોગનું પરિવર્તન
૩. સ્પર્શ+નાસિક્યના સંયોગનું પરિવર્તન
૪. ઉષ્મ+નાસિક્યના સંયોગનું પરિવર્તન
૫. સ્પર્શ+ય, ર, વ નું પરિવર્તન
૬. ઉષ્મ+ય, ર, વ નું પરિવર્તન
૭. આદ્ય નાસિક્યવાળા સંયોગોનું પરિવર્તન
૮. આદ્ય 'ર' વાળા સંયોગોનું પરિવર્તન
૯. અમુક સંયોગોમાં દંત્યનો મૂર્ધન્ય
૧૦. અમુક સંયુક્ત વ્યંજનનું નાસિક્ય વ્યંજનમાં પરિણમવું.

અનુપૂર્તિ – ૨

અપભ્રંશથી અર્વાચીન ગુજરાતી સુધીમાં થયેલ ધ્વનિ પરિવર્તન :

(ક) સ્વરોમાં થયેલ પરિવર્તન :

૧. અમુક સંયોગોમાં હ્રસ્વ સ્વરનું દીર્ઘ થવું.
૨. અમુક સંયોગોમાં 'આ'નો 'અ', 'ઐ'નો 'ઇ' (કે 'ઈ'), 'ઓ'નો 'ઉ' (કે 'ઊ')
૩. એકલા 'ઇ' અને 'ઉ'નું પરિવર્તન
૪. 'અઈ-અય્', 'અઉ-ઐવ'નું પરિવર્તન
૫. અન્ય સ્વરયુગ્મોનું પરિવર્તન
૬. સાનુનાસિક સ્વરોનું નિર્માણ

(ખ) વ્યંજનોમાં થયેલું પરિવર્તન :

૧. સંયુક્ત વ્યંજનનું સરલીકરણ
૨. અસંયુક્ત 'હ'નું આગળ-પાછળ જવું અને લોપ
૩. અમુક સંયોગોમાં 'સ્' નો 'શ્'
૪. સંસ્કૃતમાંથી સ્વીકૃત શબ્દોમાં થયેલ પરિવર્તન.
   (ક) સ્વરોમાં થતા ફેરફાર
   (ખ) સંયુક્ત વ્યંજનોનું વિશ્લેષણ
   (ગ) મધ્યવર્તી 'ક' નો 'ગ્', 'પ્' નો 'ખ'
   (ઘ) 'ન' નો 'ણ', 'ય' નો 'જ'
   (ચ) સ્વરમધ્યવર્તી 'લ' નો 'ળ'
   (છ) 'અ' કારનો આગમ.

અભ્યાસના મુદ્દાઓ અને સંદર્ભગ્રંથો/અપેક્ષાઓને લક્ષમાં રાખી સંદર્ભગ્રંથોનો ઉપયોગ કરવો :

૧. "Introductory Linguistics" : Hall
૨. "Perspective in Linguistics" : Waterman
૩. "The Study of Language" : Carroll J. B.
૪. "ભાષાવિજ્ઞાન" ખં ૧ : કે. બી. વ્યાસ
૫. "શબ્દ અને અર્થ" : ભોગીલાલ સાંડેસરા
૬. "ગુજરાતી ભાષાનું સ્વરૂપ અને ધ્વનિપરિવર્તન : ડૉ. પ્રબોધ પંડિત
૭. "અનુશીલનો" : ડૉ. હરિવલ્લભ ભાયાણી
૮. "વ્યુત્પત્તિવિચાર" : ડૉ. હરિવલ્લભ ભાયાણી
૯. "Gujarati Phonology" : R. L. Turner (Old)
   અનુવાદ : 'ગુજરાતી સ્વરવ્યંજન પ્રક્રિયા' : કે. કા. શાસ્ત્રી
૧૦. "Some Notes on Old Western Rejastani" : L. P. Tessitory
   અનુવાદ : "જૂની પશ્ચિમી રાજસ્થાની" : કે. કા. શાસ્ત્રી
૧૧. "The Language of Gujarati" : Dr. T. N. Dave
૧૨. "Gujarati Language and Literature" N. B. Divetia
૧૩. "બોલીવિજ્ઞાન અને ગુજરાતી બોલીઓ" : ડૉ. યોગેન્દ્ર વ્યાસ
૧૪. "ગુજરાતી ભાષાશાસ્ત્રના વિકાસની રૂપરેખા" : ડૉ. કે. બી. વ્યાસ
૧૫. "ગુજરાતી સંશોધનમંડળનું ત્રૈમાસિક" — ૮, ૧૪, ૧૯૬૪
૧૬. "જ્ઞાનગંગોત્રી" ગ્રંથ ૮ માં જગતભાષાકુળો" : ડૉ. હરિવલ્લભ ભાયાણી
૧૭. ,, "ભાષા-માનવ સંસ્કૃતિની સાથી" : ડૉ. યોગેન્દ્ર વ્યાસ
૧૮. "ભાષા, સમાજ અને સાહિત્ય" : ડૉ. યોગેન્દ્ર વ્યાસ
૧૯. "અપભ્રંશ વ્યાકરણ" : આચાર્ય હેમચન્દ્ર
૨૦. "ગુજરાતી ભાષાશાસ્ત્ર" ખંડ-૨, ભાગ-૩
   (ગુજરાતી ભાષાનું પારંપરિક વ્યાકરણ) : કે. કા. શાસ્ત્રી

પ્રશ્નપત્ર-૭ :

(અ) "સરસ્વતીચંદ્ર" ભાગ-૪ : ઉતરાર્ધ ...૨૫ ગુણ
(બ) નિબંધ ...૩૦ ગુણ
(ક) અંગ્રેજી પરિચ્છેદનું ગુજરાતીમાં ભાષાંતર ...૨૦ ગુણ
(ડ) કાવ્યકૃતિનું વિવેચન ...૨૫ ગુણ

સૂચના : આ પ્રશ્નપત્રમાં નિબંધ, ભાષાંતર તથા કાવ્યકૃતિનું વિવેચન એમ પ્રત્યેક વિશે દસ લખાણો આ પરીક્ષામાં બેસવાની યોગ્યતા પ્રમાણિત કરવા માટે વિદ્યાર્થીએ કરેલા હોય તે આવશ્યક છે.

(પ્રોફેસર-ઇન-ચાર્જનું પ્રમાણપત્ર જોડવું આવશ્યક છે.)

અથવા

પ્રશ્નપત્ર-૭ : ડિઝર્ટેશન—આ પ્રશ્નપત્ર વૈકલ્પિક પ્રશ્નપત્ર તરીકે માત્ર નિયમિત (રેગ્યુલર) વિદ્યાર્થીઓ કે જેઓએ ગુજરાતી એમ.એ. ભાગ—૧ની પરીક્ષામાં ૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવ્યા હોય તેઓ જ રાખી શકશે.

એમ.એ. ભાગ-૨ (ફક્ત એન્ટાયર ગુજરાતી વિષય લેનાર વિદ્યાર્થી માટે)

પ્રશ્નપત્ર-૮ : તુલનાત્મક સાહિત્ય : (Comparative Literature)

(અ) તુલનાત્મક સાહિત્યના સૈદ્ધાંતિક ખંડમાં નીચેના મુદ્દાઓનો અભ્યાસ કરવાનો રહેશે. ...૫૦ ગુણ

૧. વિશ્વસાહિત્ય (World Literature)
૨. વ્યાપક સાહિત્ય (General Literature)
૩. તુલનાત્મક સાહિત્યનું સ્વરૂપ
૪. તુલનાત્મક સાહિત્યનું કાર્યક્ષેત્ર
૫. ચાર (Influence)નો અભ્યાસ
૬. સાદશ્ય (affinity) નો અભ્યાસ
૭. પરંપરા (Tradition)નો અભ્યાસ
૮. તુલનાત્મક સાહિત્યનું અનુવાદનું મહત્ત્વ.

(બ) કવિતા, નવલકથા, ટૂંકીવાર્તા, નાટક—કોઈપણ એક સ્વરૂપની ભાષામાંથી એક કૃતિ ઉપરથી ભારતીય ભાષામાંથી એક અને પરદેશી ભાષામાંથી કૃતિઓના અભ્યાસ માટે નિયત કરવી.

વાર્તાનું સ્વરૂપ

(૧) 'તણખા'—૧- ધૂમકેતુ
(૨) "મોપાસાંની શ્રેષ્ઠવાર્તાઓ" – અનુ. શ્રી મોહનલાલ પટેલ
(૩) "ટૉલ્સ્ટૉય વાર્તાઓ"— ગંગાધર ગાડગીલ

આ કૃતિઓનો તુલનાત્મક અભ્યાસ જ અપેક્ષિત છે, જેથી તેમાંથી તુલનાત્મક સાહિત્યન. અભ્યાસની દૃષ્ટિએ જ પ્રશ્નો પુછાય.

આ કૃતિઓનો અભ્યાસ મુખ્યત્વે વિષયવસ્તુ, શૈલી, સ્વરૂપગત લાક્ષણિકતાઓ, સંવાદ, પાત્રાલેખન, કથાઘટંઠા, પ્રાકૃતિક—ઘટનાઓ. સાંસ્કૃતિક દીપિકા તેમજ કૃતિજન્ય અન્ય તુલનાત્મક મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને કરવાનો રહેશે.

સંદર્ભગ્રંથો

" Comparative Literature " ed. by Nagendra, Delhi University 1977.

" Comparative Literature studies—An introduction ".—B. S. Parawar Buckworth (London) 1979.

" Comparative Literaturer and Method "—A Green Alaridge (Urban), 1976.

" Contemporary Critacise "—ed. Macdoola Aranoury. David Palmer (London), 1969.

" Discrimination Further concepts of criticism "—Rane Wellak, Vikas Publication (Delhi), 1970.

" Theory of Literature "—Rane Wallak and Austin Warren Penguin Books Ltd. (England), 1976.

" Comparative Leterature "—Henry Giftord (London), 1969.

" Comparative Literature " Germary and India : Ed. Naresh Guha (Culcatta), 1973.

" તુલનાત્મક સાહિત્ય કી ભૂમિકા "—ઇન્દ્રનાથ ચૌધરી, નેશનલ હાઉસ, દિલ્હી, ૧૯૮૩.

" તુલનાત્મક સાહિત્ય "—ધીરુ પરીખ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ૧૯૮૪.

[૪] સંસ્કૃત

ફૂર્સ્ટ બી.એ. (૧૯૯૩)ની પરીક્ષા માટે નિયત પાઠ્યપુસ્તકો :

ફરજિયાત :

૧. સ્વપ્નવાસવદત્તમ્—ભાસ	... ૩૫ ગુણ
૨. રઘુવંશ, સર્ગ ૧૪—કાલિદાસ	... ૩૦ ગુણ
૩. અપઠિત સંસ્કૃતમાંથી માતૃભાષામાં અનુવાદ	... ૫ ગુણ

નોંધ : અપઠિતમાં ચારમાંથી બે એમ વિકલ્પ આપવા.

મરજિયાત : મહાભારત (Critical Edn., B.O.R.S.) ... ૭૦ ગુણ

પ્રશ્નપત્ર ૧ :

વિરાટપર્વ—અધ્યાયો ૪, ૫, ૧૨થી ૨૩.

પ્રશ્નપત્ર ૨ :

૧. બાણભટ્ટકૃત કાદમ્બરીના મહાશ્વેતાવૃત્તાન્તમાંથી ફકરા ૭ (અથ ગીતાવસાને ... ૩૦ ગુણ મૂર્છીભૂતવીણા,થી શરૂ કરીને ફકરા ૨૫ના અંત (કંડકિતૈકપાલફલકા – નિસ્પન્દભાતિષ્ઠમ્) સુધી

૨. સંસ્કૃત કાવ્ય સાહિત્યનો ઇતિહાસ
કાવ્ય, નાટક અને ગદ્યકથા વિષે નીચેના વિષયો :
(૧) એમની ઉત્પત્તિ અને વિકાસ
(૨) એમનાં લક્ષણો

૩. નીચેના કર્તાઓ—એમનો સમય અને કૃતિઓ :
અશ્વઘોષ, કાલિદાસ, ભારવિ, માઘ, શ્રીહર્ષ, જગન્નાથ, અમરુ, ભર્તૃહરિ, જયદેવ, ભાસ, શૂદ્રક, વિશાખદત્ત, ભટ્ટિ, ભટ્ટનારાયણ, હર્ષદેવ, ભવભૂતિ, રાજશેખર, સુબન્ધુ, બાણ અને દણ્ડી.

૪. પૂર્વોક્ત લેખકોની કૃતિઓનો પરિચય

૫. કર્તાઓ અને કૃતિઓનું મૂલ્યાંકન

ભલામણ કરેલાં પુસ્તકો

૧. 'સંસ્કૃત ડ્રામા' : એ. બી. કીથ
૨. 'ક્લાસિકલ સંસ્કૃત લિટરેચર' : એ. બી. કીથ
૩. 'હિસ્ટ્રી ઑફ સંસ્કૃત લિટરેચર ભાગ-૧' : એસ. કે. એન્ડ દાસગુપ્તા
૪. 'સંસ્કૃત સાહિત્ય કા ઇતિહાસ' : પં. બલદેવ ઉપાધ્યાય
૫. 'પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ' : ડૉ. અમૃત ઉપાધ્યાય
૬. 'સંસ્કૃત નાટકોનો પરિચય' : ડૉ. તપસ્વી નાન્દી
૭. 'સંસ્કૃત વાઙ્મયનો ઇતિહાસ' : ડૉ. સી. એલ. શાસ્ત્રી
૮. 'સંસ્કૃત સાહિત્યનો પરિચયાત્મક ઇતિહાસ' : પ્રકાશન, સંસ્કૃત સેવા સમિતિ

દ્વિ. બી.એ. સંસ્કૃત પ્ર. ૩ (૧૯૯૩)ની પરીક્ષા માટે

આ પ્રશ્નપત્રમાં બે ગ્રંથો પૈકી ભર્તૃહરિના નીતિશતકના પ્રથમ ૫૦ શ્લોક નિયત કર્યા છે તે નીચેના છે (નિર્ણયસાગર આવૃત્તિ) :

(૧) दिक्कादृवच्छिन्ना० (૨) अज्ञः सुखमाराध्यः० (૩) प्रसह्य मणि० (૪) लभेत सिकतासु० (૫) न्यालं बालमृणाल० (૬) स्वायत्तमेकान्त० (૭) यदा किंचिज्ज्ञोऽहं० (૮) कृमिकुलचितं० (૯) शिरः शार्व० (૧૦) शक्यो वारयितुं० (૧૧) शास्त्रोपस्कृत० (૧૨) हृतुर्याति न० (૧૩) अधिगतपरमार्थान्० (૧૪) अम्भोजिर्जीवन० (૧૫) विद्या नर सरस्य० (૧૬) क्षान्तिश्चद्वचनेन० (૧૭) दाक्षिण्यं स्वजने० (૧૮) जाड्यं धियो० (૧૯) केयूरा० (૨૦) जयन्ति ते० (૨૧) क्षुत्क्षामोऽपि० (૨૨) स्वल्पं स्नायु० (૨૩) लाङ्गलचलिन० (૨૪) परिवर्तिनि संसारे० (૨૫) कुसुमस्तबकस्येव० (૨૬) सन्त्यन्येऽपि० (૨૭) वहति भुवन० (૨૮) वरं प्राणोच्छेद० (૨૯) यदचेतनोऽपि० (૩૦) सिंहः शिशुरपि० (૩૧) जातिर्यातु० (૩૨) वस्वास्ति वित्तं०

(૨૩) दौमन्त्यान्नृपतिः० (૨૪) दानं भोगो (૨૫) मणिः शाणोल्लिढः० (૨૬) परिक्षीणः कश्चित्० (૨૭) राज्यंदुर्धुक्षति० (૨૮) सत्यानृता च परुषा० (૨૯) आज्ञा कीर्ति० (૪૦) वक्षात्रा निज० (૪૧) अकेरुणत्वमकारण० (૪૨) दुर्जनः परिहर्तव्यो० (૪૩) जाड्यं ह्रीमति० (૪૪) लोभश्चेदगुणेन० (૪૫) शशी दिवस० (૪૬) न कश्चिच्चण्ड० (૪૭) मौनान्मूका० (૪૮) उद्भासिताखिल० (૪૯) आरम्भगुर्वी० (૫૦) मृगमीनसज्जानानां०

સંસ્કૃત બીજા ગૌણ વિષયના પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ

નીચે આપેલામાંથી કોઈ એક પ્રશિષ્ટ સંસ્કૃત નાટચકૃતિનો સર્વાંગી વિવેચનાત્મક અભ્યાસ— ... ૪૦ ગુણ

અભિજ્ઞાનશાકુન્તલમ્, ઉત્તરામચરિતમ્, મૃચ્છકટિકમ્, મુદ્રારાક્ષસ.

નોંધ.—પાઠચપુસ્તકમાંથી અનુવાદ અને સંદર્ભવાકયોના પ્રશ્નોની અપેક્ષા નથી.

(બ) પદ્યાંશ શતક કાવ્યો, સુભાષિતો, પુસ્તકો અને રામાયણ-મહાભારતમાંથી પસંદ કરેલા ભાગો વગેરેમાંથી આશરે બસો પંક્તિ ... ૪૦ ગુણ

પ્રથમ વર્ષ બી.એ. (૧૯૯૩)ની સંસ્કૃત બીજા ગૌણ વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૭ માટેનાં પાઠચપુસ્તકો

(અ) અભિજ્ઞાનશાકુન્તલમ્ ... ૪૦ ગુણ

નોંધ.—પાઠચપુસ્તકમાંથી અનુવાદ અને સંદર્ભવાકયોના પ્રશ્નોની અપેક્ષા નથી.

(બ) પ્રાસ્તાવિક વિલાસ શ્લોક ૧ થી ૫૦ ... ૩૦ ગુણ

શ્રી ડોલરરાય માંકડની આવૃત્તિ પ્રમાણે અનુવાદ, સમજૂતી વગેરે પ્રશ્નો પૂછી શકાશે.

દ્વિતીય વર્ષ વર્ષ બી.એ. સંસ્કૃત (૧૯૯૩)ની પરીક્ષા માટે

પ્રશ્નપત્ર ૩ : વિક્રમોર્વશીયમ્ ... ૧૦ ગુણ

ભર્તૃહરિના નીતિશતકમાંથી અગાઉના પાઠ્ય પ્રમાણે ૧૦ શ્લોકો ... ૨૦ ગુણ

પ્રશ્નપત્ર ૪ : (એ) "કાવ્યપ્રકાશ" મમ્મટ, ઉલ્લાસ ૧, ૨ અને ૧૦માંથી નીચેના ૨૫ અલંકારો ... ૫૦ ગુણ

૧. ઉપમા, ભેદ સિવાય
૨. ઉત્પ્રેક્ષા
૩. રૂપક
૪. અપહ્નુતિ
૫. શ્લેષ
૬. સમાસોક્તિ
૭. નિદર્શના
૮. અપ્રસ્તુતપ્રશંસા
૯. અતિશયોક્તિ
૧૦. દૃષ્ટાંત
૧૧. પ્રતિવસ્તૂપમા
૧૨. દીપક
૧૩. તુલ્યયોગિતા
૧૪. વ્યતિરેક
૧૫. વિભાવના
૧૬. વિશેષોક્તિ
૧૭. અર્થાન્તરન્યાસ
૧૮. વ્યાજસ્તુતિ
૧૯. અસંગતિ
૨૦. સમાધિ
૨૧. ભ્રાન્તિમાન
૨૨. ભાવિક
૨૩. સામાન્ય
૨૪. વિરોધ
૨૫. કાવ્યલિંગ

નોંધ.—પ્રશ્નપત્ર ૪ના અલંકાર ઓળખવાના પ્રશ્નમાં પ્રશ્નપત્ર ૩ અને ૪ માટે નિયત કરેલાં પાઠચપુસ્તકોમાંથી જ શ્લોકો પૂછવામાં આવશે.

પ્રશ્નપત્ર ૫ : (૧) ગુજરાત યુનિવર્સિટીએ તૈયાર કરેલ સિલેક્શન પ્રસ્તાવિની ઉપનિષદ્ ... ૩૦ ગુણ
અને સરખા / પણ સંવાદસૂક્ત, વિષ્ણુસૂક્ત તથા પર્જન્યસૂક્ત સિવાય

(૨) ઈશોપનિષદ્

(૩) વૈદિક સાહિત્યના ઇતિહાસનો પરિચય, ચાર વેદ, બ્રાહ્મણ તથા ... ૨૦ ગુણ
ઉપનિષદ્

ભલામણ કરેલાં પુસ્તકો :

(૧) 'હિસ્ટરી ઑફ ઇન્ડિયન લિટરેચર', વૉલ્યુમ ૧—વિંટરનિટ્ઝ

(૨) 'વૈદિક સાહિત્ય'—બલદેવ ઉપાધ્યાય

(૩) 'વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ'—ડૉ. ગૌતમ પટેલ

પ્રશ્નપત્ર ૭ : સેકન્ડ બી.એ. સંસ્કૃત, બીજા ગૌણ વિષયના પ્રશ્નપત્ર ૭નો અભ્યાસક્રમ

(અ) પ્રશિષ્ટ સંસ્કૃત મહાકાવ્યમાંથી કોઈ એકના પાંચથી સાત સર્ગ ... ૨૦ ગુણ

નોંધ.—પાઠ્યપુસ્તકમાંથી અનુવાદ તથા સંદર્ભમાં એક શબ્દ પરખી વિવરણાત્મક નોંધના પ્રશ્નો અપેક્ષિત નથી.

(બ) ગદ્યાંશ—ઉપનિષત કથાઓ પ્રાણીકથાઓ અને લોકકથાઓ વગેરેમાંથી દસેક ... ૩૦ ગુણ
કથાઓ : ૨૦ થી ૨૧ પાનાં

સેકન્ડ બી.એ. (૧૯૯૩)ની સંસ્કૃત બીજા ગૌણ વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૭ માટેનાં પાઠ્યપુસ્તકો

સંસ્કૃત અધિક ગૌણ

(અ) કાલિદાસના કુમારસંભવમાંથી ૧ થી ૫ સર્ગો, અહીં અનુવાદ, પૂર્વાપર ... ૪૦ ગુણ
સંદર્ભ કે શબ્દાર્થના ટિપ્પણના પ્રશ્નો પરીક્ષામાં અપેક્ષિત નથી.

(બ) હિતોપદેશની કથાઓ (નીચે દર્શાવ્યા પ્રમાણે) : ... ૩૦ ગુણ

૧. વ્યાઘ્રપાન્થયો કથા
૨. મૃગશૃંગાલ કથા
૩. ગૃધમાર્જર કથા
૪. ચૂડાકર્ણ પરિવ્રાજક કથા
૫. ચન્દનદાસવણિક કથા
૬. સર્પવંશીશૃગાલ કથા
૭. તુંગણલ-લાવણ્યવતી કથા
૮. કર્પૂરતિલક-હસ્તિ-કથા

૧૯૯૩ની પરીક્ષા માટેના ઉપર્યુક્ત પ્રશ્નપત્રમાં હિતોપદેશની 'મિશ્રણ 'ની ઉપરની કથાઓ નિયુક્ત કરવામાં આવી છે.

હિતોપદેશમાંથી અનુવાદ, સંદર્ભ, સમજૂતીના પ્રશ્નો પૂછી શકાશે.

તૃતીય વર્ષ બી.એ. (૧૯૯૩)ની પરીક્ષા માટે

પ્રશ્નપત્ર ૬ :

૧. વ્યાકરણ 'સિદ્ધાન્તકૌમુદી'માંથી સંજ્ઞાકારક ... ૩૫ ગુણ

૨. સંસ્કૃત ભાષાના પરિચય માટેના વિષયો ... ૩૫ ગુણ

ભાષાનું ઐતિહાસિક અધ્યયન, ભાષામાં થતું પરિવર્તન, ધ્વનિ, રૂપ, વાક્ય, અર્થ વગેરેનું પરિવર્તન, ભાષાઓનું આનુવાંશિક વર્ગીકરણ, ભાષાકુળો, ભારત-યુરોપીય ભાષાકુળો, સંસ્કૃતની ઉત્પત્તિ, ઉત્ક્રાંતિ અને વિકાસ, સંસ્કૃત તથા અવેસ્તા, સંસ્કૃત ધ્વનિઓ અને સ્વરભાર.

સંદર્ભ માટેનાં ભલામણ કરેલાં પુસ્તકો

૧. ડૉ. ભોલાશંકર વ્યાસ કૃત 'સંસ્કૃત ભાષાશાસ્ત્રીય અધ્યયન'—ભારતીય જ્ઞાનપીઠ, કાશી,

૨. Sanskrit—T. Burrow,

૩. Historical Linguistics by Winifred Lahmann (Indian Edition)—Page 50.

૪. 'संस्कृतका ऐतिहासिक और संरचनात्मक परिचय'—डॉ. देवीदयाल शर्मा, प्रकाशक—हरियाणा हिन्दी ग्रन्थ अकादमी, चंडीगढ,

૫. ભાષાશાસ્ત્ર, ડૉ. વસન્ત ભટ્ટ, પ્રકાશક—સરસ્વતી, અમદાવાદ.

પ્રશ્નપત્ર ૭ :

૧. શાંકરભાષ્ય તર્કવાદ (બૌદ્ધમતના ખંડન સિવાય) ... ૩૫ ગુણ

૨. ઈશ્વરકૃષ્ણ—'સાંખ્યકારિકા'—મૂળ ... ૩૫ ગુણ

પ્રશ્નપત્ર ૮ :

૧. મનુસ્મૃતિ, અધ્યાય ૭ (સાત) શ્લોક ૧થી ૧૫૯ (રાજધર્મ) ધર્મસૂત્ર અને સ્મૃતિઓનો રચનાકાળ ... ૩૫ ગુણ

૨. તર્કસંગ્રહ : અન્નમ ભટ્ટ કૃત ... ૩૫ ગુણ

પ્રશ્નપત્ર ૯ :

ભગવદ્ગીતા, મૂલમાત્ર, ઓરિજિનલ ટેકસ્ટ (શાસ્ત્રીય પ્રશ્નો અપેક્ષિત નથી, મૂળમાંથી ઉદ્ભવતા પ્રશ્નો જ પૂછવા) ... ૭૦ ગુણ

ભલામણ કરેલાં પુસ્તકો

૧. 'ગીતારહસ્ય-કર્મયોગશાસ્ત્ર'—બી. જી. ટિળક

૨. 'ગીતા નિબંધો'—શ્રી અરવિંદ

૩. 'ભગવદ્ગીતા'—રાધાકૃષ્ણન.

પ્રશ્નપત્ર ૧૦ :

૧. સંસ્કૃતમાંથી ગુજરાતીમાં અનુવાદ ... ૨૦ ગુણ

૨. ગુજરાતીમાંથી સંસ્કૃતમાં અનુવાદ ... ૧૦ ગુણ

૩. નીચેના ૧૨ છંદો : તેમનું બંધારણ, લક્ષણ, ઉદાહરણ : ... ૧૦ ગુણ
શાર્દૂલવિક્રીડિત, શિખરિણી, માલિની, હરિણી, પૃથ્વી, વસન્તતિલકા, ઉપજાતિ, મન્દાક્રાન્તા, અનુષ્ટુપ્, શાલિની, દ્રુતવિલંબિત, સ્રગ્ધરા.

૪. પ્રિયદર્શિકા, શ્રીહર્ષ. ... ૩૦ ગુણ

ભલામણ કરેલાં પુસ્તકો

૧. 'Guide to Sanskrit Composition', V. S. Apte (1 to 20)

૨. 'સંસ્કૃત પ્રવેશિકા', બાબુરામ સક્સેના

૩. 'સંસ્કૃત વાક્યરચના', ડૉ વસંત ભટ્ટ.

પ્રશ્નપત્ર ૧૧ :

નિબંધ

૨૫ નિબંધોની સૂચિ નીચે પ્રમાણે છે :

ત્રીજા વર્ષ બી.એ.ના સંસ્કૃત વિષયના નિબંધોના મુદ્દાઓ (૧૯૯૨ની પરીક્ષા માટે):

૧. વૈદિક દેવતાઓનું સ્વરૂપ
Nature of Vedic Gods

૨. ઋગ્વેદનો સમય
Date of Rugveda

૩. વૈદિક ધર્મનું સ્વરૂપ
Nature of Vedic religion

૪. વૈદિક સૂક્તોમાં કાવ્યતત્ત્વ
Poetic element in the Vedic verses

૫. રામાયણ આદિકાવ્ય તરીકે
Rāmāyaṇa as an Ādi-kāvya

૬. મહાભારતકાલીન સંસ્કૃતિ
Cultural reflected in Mahābhārata

૭. ભગવદ્ગીતામાં ઉપદેશેલી જીવનકલા
Airt of life as taughin the Bhagvad-gita.

૮. સંસ્કૃત મુક્તક સાહિત્ય

Mukta literature in Sanskrit

૯. સંસ્કૃતમાં ગદ્ય કાવ્ય

Gadya-Kāvya in Sanskrit

૧૦. ભારતીય દર્શનમાં સાંખ્યશાસ્ત્રનો ફાળો

Contribution of Sāṁkhya-Śāstra to Indian Philosophy

૧૧. ભારતીય દર્શનમાં કર્મ અને પુનર્જન્મનો સિદ્ધાંત

Principle of Karma and Rebirth of Indian Philosophy

૧૨. ભારતીય દર્શનમાં આત્મતત્ત્વ

Ātma-tattva in Indian Philosophy

૧૩. ભારતીય દર્શનમાં મોક્ષવિચાર

Idea of Mokṣa In Indian Philosophy

૧૪. કવિકુલગુરુ કાલિદાસ

Kavi-Kula-Guru-Kālidāsa

૧૫. સંસ્કૃત નાટ્યસાહિત્યમાં હાસ્યરસ

Humour in Sanskrit Drama

૧૬. પાણિનીય સંસ્કૃત વ્યાકરણ

Pāninīya system of Sanskrit Vyākaraṇa

૧૭. ધર્મશાસ્ત્રમાં નિરૂપિત સમાજવ્યવસ્થા

Social Organization in Dharma-Śāstra

૧૮. સંસ્કૃત નાટકની ઉત્પત્તિ

Origin of Sanskrit Drama

૧૯. સંસ્કૃત કાવ્યશાસ્ત્રની વિચારપરંપરાઓ

School of Sanskrit Poetics

૨૦. કાવ્યશાસ્ત્ર, વ્યાકરણ અને મીમાંસામાં શબ્દાર્થ વિચાર

Version on the relation of Word sense in Sanskrit Poetics, Vyākaraṇa Mimansā

૨૧. ભારતીય દર્શનમાં પ્રમાણ

Pramānas in India

૨૨. પંચમહાકાવ્ય

Pañca-mahākāvya

૨૩. સંસ્કૃત એકાંકી રૂપકો

One-act play in Sanskrit Literature

૨૪. સંસ્કૃત નાટ્ય-સાહિત્યમાં ગુજરાતનું પ્રદાન

Contribution of Gujarat to Sanskrit Nāṭya Literature

૨૫. સંસ્કૃત સ્તોત્ર સાહિત્ય

Stotra Literature of Sanskrit.

વિનયન વિદ્યાશાખાના નવા માળખા પ્રમાણે નિબંધના પ્રશ્નપત્રમાં વિકલ્પમાં નીચે જણાવ્યા પ્રમાણેના વૈકલ્પિક વિષયો અભ્યાસક્રમમાં રાખવામાં આવ્યા છે :

